# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મલેશિયાની બે દિવસીય મુલાકાતે જશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે જગદલપુરમાં આદિવાસી સાંસ્કૃતિક ઉત્સવ બસ્તર પાંડુમ-2026નું ઉદ્ઘાટન કરશે.

3) ગૃહમંત્રી અમિત શાહ આજથી છત્તીસગઢની ત્રણ દિવસીય મુલાકાતે.

4) ભારતે ઇસ્લામાબાદ મસ્જિદ પર થયેલા બોમ્બ હુમલાની નિંદા કરી

5) ભારતે છઠ્ઠી વખત અંડર-19 ક્રિકેટ વિશ્વકપનો ખિતાબ જીત્યો

6) ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં ICC પુરુષ T20 વિશ્વકપ 2026નો આજથી આરંભ

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-KUALA LUMPUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી મલેશિયાના બે દિવસની મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાત દરમિયાન બંને દેશો તેમની વ્યૂહાત્મક ભાગીદારી સહિત વિવિધ ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે.

મલેશિયામાં ભારતના ઉચ્ચાયુક્ત બી.એન. રેડ્ડીએ જણાવ્યું હતું કે ચર્ચા દરમ્યાન વેપાર અને અર્થતંત્ર, ઉભરતી ટેકનોલોજી, ઉર્જા અને શિક્ષણ ચર્ચાના મુખ્ય ક્ષેત્રો હશે કારણ કે બંને દેશો નવા ક્ષેત્રોમાં તેમના સંબંધોને વિસ્તૃત કરવા માંગે છે.

પ્રધાનમંત્રી મોદી ભારતીય સમુદાય સાથે પણ મુલાકાત કરશે. રાજધાની કુઆલાલંપુરમાં સેલમત દાતાંગ મોદી જી કાર્યક્રમ યોજાશે, જે બંને દેશો વચ્ચેના મજબૂત લોકો-થી-લોકોના સંબંધોને પ્રતિબિંબિત કરશે.

આ કાર્યક્રમમાં મલેશિયન કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે. આ કાર્યક્રમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સંયુક્ત રીતે સંબોધિત કરશે. બંને પક્ષો વચ્ચે આવતીકાલે પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો યોજાશે, અને કરારોનું આદાન-પ્રદાન કરવામાં આવશે.

# PREZ-BASTAR PANDUM–2026

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે જગદલપુરમાં ભવ્ય આદિવાસી સાંસ્કૃતિક મહોત્સવ, બસ્તર પાંડુમ-2026નું ઉદ્ઘાટન કરશે. આદિવાસી વારસાના સાંસ્કૃતિક સંગમ તરીકે પ્રખ્યાત વિભાગીય સ્તરનું બસ્તર પાંડુમ નવમી ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ ત્રણ દિવસીય આદિવાસી સમુદાય ઉત્સવ સ્વદેશી સમુદાયોની

જીવનશૈલી, રિવાજો અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, લોક કલા, સ્થાનિક પરંપરાઓનું પ્રદર્શન કરે છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

VC – વિકલ્પ શુક્લ

આ સમારોહમાં છત્તીસગઢના રાજ્યપાલ રમન ડેકા, મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાઈ, કેન્દ્રીય રાજ્યમંત્રીઓ તોખન સાહુ, નાયબ મુખ્યમંત્રીઓ અરુણ સાવ અને વિજય શર્મા, પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી રાજેશ અગ્રવાલ અને વન મંત્રી કેદાર કશ્યપ ઉપસ્થિત રહેશે.

## PMAY-HOUSES

પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અંતર્ગત સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 3 કરોડ 87 લાખથી વધુ આવાસો મંજૂર કર્યા છે. ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી ડૉ. ચંદ્રશેખર પેમ્માસાનીએ ગઈકાલે રાજ્યસભામાં જણાવ્યું હતું કે આ વર્ષે બીજી ફેબ્રુઆરી સુધીમાં 2 કરોડ 95 લાખથી વધુ ઘરોનું બાંધકામ પૂર્ણ થયું છે.

તેમણે માહિતી આપી હતી કે છેલ્લા પાંચ વર્ષમાં 2 કરોડ 10 લાખ 66 હજારથી વધુ આવાસોને મંજૂરી આપવામાં આવી છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય પહેલી એપ્રિલ 2016 થી પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણનો અમલ કરી રહ્યું છે, જેમાં માર્ચ 2029 સુધીમાં 4 કરોડ 95 લાખ ઘરો બનાવવાનો લક્ષ્યાંક છે.

# ECI – SIR

ઉત્તર પ્રદેશમાં, ચૂંટણી પંચે ચાલી રહેલા ખાસ સઘન સુધારણા હેઠળ દાવા અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ લંબાવી છે.

મતદારો હવે 6 માર્ચ સુધી ફોર્મ 6, 7 અને 8 રજૂ કરી શકે છે. જેથી તેઓ મતદાર યાદીમાંથી તેમના નામ ઉમેરી શકે, સુધારા માંગી શકે અથવા નામ કાઢી નાખવાની વિનંતી કરી શકે. અગાઉની અંતિમ તારીખ 6 ફેબ્રુઆરી હતી.

ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ માહિતી આપી કે રાજકીય પક્ષોએ 27 જાન્યુઆરીએ યોજાયેલી બેઠક દરમિયાન લંબાવવાની માંગ કરી હતી, જેના પગલે દાવા અને વાંધા અરજીઓનો સમયગાળો એક મહિના માટે લંબાવવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું કે નામોના સમાવેશ, સુધારા અથવા કાઢી નાખવા માટેની અરજીઓ 6 માર્ચ સુધી રજૂ કરી શકાય છે. ચૂંટણી પંચ 27 માર્ચ સુધીમાં તમામ દાવાઓ અને વાંધાનો નિકાલ કરશે, ત્યારબાદ અંતિમ મતદાર યાદી 10 એપ્રિલે પ્રકાશિત કરવામાં આવશે.

# AMIT SHAH VISIT - CHHATISGARH

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ છત્તીસગઢના ત્રણ દિવસના પ્રવાસે આજે સાંજે રાયપુર પહોંચશે. આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યમાં આંતરિક સુરક્ષા પરિસ્થિતિ અને ડાબેરી ઉગ્રવાદની સમીક્ષા કરશે. તેઓ રાયપુર અને જગદલપુરમાં કાર્યક્રમોમાં પણ ભાગ લેશે.

શ્રી શાહ આજે સાંજે રાયપુરમાં વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં રાજ્યને લગતા વહીવટી અને સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરશે. આવતીકાલે શ્રી શાહ

રાયપુરમાં ડાબેરી ઉગ્રવાદ અંગેની સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ તેમજ સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓ પણ આ બેઠકમાં હાજરી આપશે.

શ્રી શાહ આવતીકાલે રાયપુરમાં રાષ્ટ્રીય સંમેલનમાં પણ ભાગ લેશે. તેઓ સોમવારે જગદલપુરમાં બસ્તર પાંડુમ મહોત્સવના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MEA - PAK ATTACK

ભારતે ઇસ્લામાબાદમાં એક મસ્જિદમાં થયેલા બોમ્બ વિસ્ફોટની નિંદા કરી અને જાનમાલના નુકસાન માટે શોક વ્યક્ત કર્યો. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાને તેના સામાજિક માળખામાં રહેલી સમસ્યાઓનો ગંભીરતાથી ઉકેલ

લાવવાની જરૂર છે, પરંતુ તે બીજાઓ પર દોષારોપણ કરીને પોતાને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ભારત પાકિસ્તાનના પાયાવિહોણા અને વ્યર્થ આરોપોને નકારી કાઢે છે.

## INDIA AI IMPACT SUMMIT

ભારતને AI અને તેની અસર અંગે સંશોધન પરિસંવાદ માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન સમુદાયો તરફથી અઢીસોથી વધુ દરખાસ્તો મળી છે. તેનું આયોજન 18 ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં યોજાનાર ઇન્ડિયા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇમ્પેક્ટ કોન્ફરન્સના ભાગ રૂપે કરવામાં આવી રહ્યું છે.

AI ઇમ્પેક્ટ કોન્ફરન્સ વિશે વધુ માહિતી માટે impact.india.ai.gov.in ની મુલાકાત લઈ શકાય.

## ICC U19 CRICKET WORLD CUP WIN

ભારતે છઠ્ઠી વખત અંડર-19 વિશ્વકપનો ખિતાબ જીત્યો છે. ઝિમ્બાબ્વેમાં રમાયેલી ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને 100 રનથી હરાવ્યું હતું. ભારતે પ્રથમ બેટિંગ કરતા 411 રણ કર્યા હતા, જવાબમાં ઇંગ્લેન્ડ 40 ઓવર અને 2 બોલમાં 311 રનમાં ઓલઆઉટ થઈ ગયું. વૈભવને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ પણ જાહેર કરાયો હતો.

પ્રસ્તુત છે એક અહેવાલ

VC: પ્રશાંત

# PREZ-VP-PM- U19 WORLD CUP

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ટીમને રેકોર્ડ છઠ્ઠી વખત અંડર-19 ICC વિશ્વકપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અપરાજિત રહેવા બદલ ટીમને અભિનંદન આપ્યા. ઉપરાષ્ટ્રપતિએ ફાઇનલમાં વૈભવ સૂર્યવંશીની પ્રભાવશાળી ઇનિંગની પ્રશંસા કરી.

પ્રધાનમંત્રી મોદીએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓના અસાધારણ કૌશલ્ય અને પ્રદર્શનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ જીત યુવા ખેલાડીઓને પ્રેરણા આપશે.

# MANDAVIYA - U19 WC

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ ભારતીય ક્રિકેટ ટીમને અંડર-19 વિશ્વકપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. માંડવિયાએ ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને વિશ્વ ચેમ્પિયન બનવા બદલ પ્રશંસા કરી હતી. તેમણે વૈભવ સૂર્યવંશીને ગોલ્ડન બોય ગણાવ્યો હતો અને ફાઇનલમાં તેની શાનદાર ઇનિંગની પ્રશંસા કરી.

# MORN ICC T20 WC

ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં ICC પુરુષ T20 વિશ્વકપ 2026નો આજથી આરંભ થઈ રહ્યો છે. એક મહિના સુધી ચાલનારી આ ટુર્નામેન્ટ આઠમી માર્ચ સુધી ચાલશે, જેમાં 20 આંતરરાષ્ટ્રીય ટીમો બંને દેશોના સ્ટેડિયમમાં 55 મેચોમાં ભાગ લેશે.

પહેલી મેચ કોલંબોના સિંહલી સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાશે, જ્યાં પાકિસ્તાનનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. વર્તમાન ચેમ્પિયન ભારત તે દિવસે મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે અમેરિકા સામે પોતાની મેચ રમશે.

ટુર્નામેન્ટના વિસ્તૃત ફોર્મેટમાં ગ્રુપ સ્ટેજ બાદ સુપર 8 અને નોકઆઉટ રાઉન્ડનો સમાવેશ થાય છે.

દરમ્યાન આકાશવાણી આજથી ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપ 2026 મેચોનું હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ કરશે. ભારતમાં સેમિફાઇનલ અને ફાઇનલ સહિતની બધી મેચો માટે સાંજે સાડા છ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી અથવા મેચ પૂરી થાય ત્યાં સુધી આંખે દેખ્યો અહેવાલ રજૂ કરાશે. બધી મેચોનું પ્રસારણ FM રેઈન્બો નેટવર્ક, પ્રાથમિક ચેનલો અને LRS સ્ટેશનો પર કરવામાં આવશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોમાં U-19 વિશ્વ કપમાં ભારતના વિજયના સમાચાર તસવીર સાથે તેમજ ઇસ્લામાબાદ મસ્જિદમાં આત્માભાગી હુમલાના સમાચાર પ્રથમ પાને છપાયા છે.
- નવગુજરાત સમય લખે છે. U-19 માં જુનિયર્સ ચેમ્પિયન : હવે સૂર્યાની ટીમ પર આશા
- દિવ્ય ભાસ્કર લખે છે, વિશ્વ ચેમ્પિયન ભારત.. ચિરંજીવી વૈભવ